બાળમનોવિજ્ઞાનના અભ્યાસનું મહત્ત્વ

[1] પ્રાસ્તાવિક

બાળમનોવિજ્ઞાનના અભ્યાસનું મહત્ત્વ મનોવિજ્ઞાનમાં તો વર્તનના વિકાસને સમજવાના સંદર્ભમાં સૈદ્ધાંતિક દૃષ્ટિએ રહેલું તો છે જ, પણ વ્યાવહારિક દૃષ્ટિએ વિચારીએ તો તેનું મહત્ત્વ માતાપિતા, શિક્ષકો તેમજ જે કંઈ લોકો માનવીના વ્યક્તિગત અને સામાજિક ઉત્કર્ષમાં અભિરુચિ ધરાવે છે એ બધાંય માટે રહેલું છે. આ કારણને લીધે જ “બાળક માનવીનો પિતા છે”, “આજનો બાળક આવતીકાલનો નાગરિક છે”, “બાળકો ઈશ્વરના દેવદૂતો છે” વગેરે પ્રકારનાં વાક્યો સામાન્ય લોકોની વાતચીતમાં બોલાતાં હોય છે. રવિન્દ્રનાથ ટાગોરે બાળકો વિશે એમ કહ્યું છે કે, “રાષ્ટ્રનાં બાળકો રાષ્ટ્રની સૌથી અગત્યની મહામૂલી મિલકત છે અને રાષ્ટ્રનું ભવિષ્ય બાળકોના યોગ્ય વિકાસ પર નિર્ભર કરે છે.) સંયુક્ત રાષ્ટ્ર સંઘ(યુનો)ના બાળઅધિકારો માટેના ખતપત્રના આરંભમાં આવું વાક્ય ટાંકવામાં આવ્યું છે ઃ જે કંઈ ઉત્તમ રીતે આપી શકાય એ આપવા માટે માનવજાત બાળકોની દેવાદાર છે." આવાં બધાં વાક્યો બાળમનોવિજ્ઞાનના અભ્યાસનો મહત્ત્વનો ખ્યાલ આપે છે.

વીસમી સદી દરમિયાન મનોવિજ્ઞાનમાં બાળવર્તનના જે કંઈ અભ્યાસો થયા છે એને લીધે પહેલાંની સરખામણીમાં બાળકોના ઉછેર પ્રત્યે લોકોમાં બાળકો પ્રત્યેનાં મનોવલણોમાં ગણનાપાત્ર રીતે બદલાવ આવ્યો છે. હવે બાળ્ખોને “નાના કદના માનવી" તરીકે ઓળખાવવામાં આવતાં નથી અને હવે માત્ર તેમની શારીરિક જરૂરિયાતો પ્રત્યે જ નહિ, પણ તેમની મનોવૈજ્ઞાનિક જરૂરિયાતો પ્રત્યે પણ લોકોમાં સારા જેવી સમજ આવી છે. આમ, માતાપિતા તો બાળકોના યોગ્ય ઉછેર પ્રત્યે વધુ સભાન બન્યાં છે જ, પણ સમગ્ર સમાજમાં પણ આ અંગેની સભાનતામાં વધારો થયો છે. આ કારણને લીધે જ દરેક રાષ્ટ્રમાં બાળકોના યોગ્ય વિકાસના સંદર્ભમાં અલાયદું ભંડોળ ફાળવવામાં આવે છે અને ઠેર ઠેર માત્ર શૈક્ષણિક સંસ્થાઓ જ નહિ, પણ બાળકલ્યાણ અંગેનાં કેન્દ્રો સ્થાપિત કરવાની પ્રવૃત્તિઓ પ્રત્યે વિશેષ ધ્યાન અપાવા લાગ્યું છે. આમ, હવે માનવસમાજ બાળકોના યોગ્ય વિકાસ પ્રત્યે વધુ સભાન બન્યો હોવાથી બાળવર્તન અંગેના વૈજ્ઞાનિક અભ્યાસોને વધુ મહત્ત્વ અપાવા લાગ્યું છે.

[21 બાળમનોવિજ્ઞાનના અભ્યાસનું મહત્ત્વ બાળમનોવિજ્ઞાનના અભ્યાસનું મહત્ત્વ માત્ર બાળછેર કે બાળશિક્ષણનાં ક્ષેત્રોમાં જ નહિ, પણ અન્ય ક્ષેત્રોમાંએ રહેલું છે.

બાળમનોવિજ્ઞાનના અભ્યાસનું મહત્ત્વ નીચેનાં ક્ષેત્રોમાં જોવા મળે છેઃ

[1] વર્તનવિકાસ
[2] બાળઉછેર
[3] સમસ્યારૂપ બાળવર્તન
[4] મનોચિકિત્સા અને ચિકિત્સાત્મક મનોવિજ્ઞાન [5] તબીબી વિજ્ઞાન
[6] વ્યક્તિગત ભિન્નતાઓ

[7] શિક્ષણ અને બાળવિકાસના કાર્યક્રમોનું આયોજન

1. વર્તનવિકાસ :

મૂળભૂત રીતે બાળમનોવિજ્ઞાનમાં વ્યક્તિના વર્તનનો વિકાસ કેવી રીતે થાય છે એ અંગેનો અભ્યાસ થાય છે. આ રીતે તે મનોવિજ્ઞાન કે જેમાં વર્તનનો સમગ્રતયા અભ્યાસ કરવામાં આવે છે તેને વર્તનના વિકાસ અંગેની માહિતી પૂરી પાડવાનું કાર્ય કરે છે. બાળમનોવિજ્ઞાનમાં બાલ્યાવસ્થાના જુદા જુદા તબક્કાઓમાં વર્તનનો વિકાસ કેવી રીતે થાય છે એ અંગેનાં ધોરણો આપવામાં આવે છે અને આ રીતે તેમાં પુખ્તાવસ્થાને જુદા જુદા પ્રકારનું વર્તન શા માટે અમુક રીતે વિકસિત થાય છે એની સમજૂતીઓ આપવામાં આવે છે.

2. બાળઉછેર

દરેક માતાપિતા પોતાનાં બાળકોનો યોગ્ય રીતે ઉછેર થાય એમ ઈચ્છતાં હોય છે કે જેથી બાળકો પુખ્તાવસ્થાએ પોતાનામાં જરૂરી આવડતો નિર્માણ કરી ઉત્તમ રીતે જીવનનિર્વાહ કરવા માટે સમર્થ બને. બાળમનોવિજ્ઞાન દ્વારા તેમની કઈ વયે તેમનામાં કેવી આવડતો પ્રાપ્ત કરવાની પરિપક્વતા આવે છે એ અંગેની માહિતી પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત બાળમનોવિજ્ઞાન દ્વારા માતાપિતાને એ હકીકતની પણ જાણકારી મળે છે કે બાળકના યોગ્ય ઉછેર માટે માત્ર તેમની શારીરિક જરૂરિયાતો પૂરી પાડવી જ પૂરતી નથી, પણ એ માટે તેમની મનોવૈજ્ઞાનિક જરૂરિયાતોને સંતોષ મળે તેની પણ અગત્ય હોય છે. આમ, બાળમનોવિજ્ઞાન દ્વારા માતાપિતાને બાળકના યોગ્ય ઉછેર અંગેનું માર્ગદર્શન મળી રહે છે.

3. સમસ્યારૂપ બાળવર્તન :

બાલ્યાવસ્થામાં કેટલાંકમાં જીદ્દીપણું, કજિયો કર્યા કરવો, રિસાઈ જવું, ઘરમાં ચોરી કરવી, રાત્રે પથારી પલાળવી, જૂઠું બોલવું, શાળાનો અભ્યાસ નિયમિત રીતે ન કરવો વગેરે અનેક પ્રકારનાં સમસ્યારૂપ વર્તનો જોવા મળે છે. બાળકનાં આવાં સમસ્યારૂપ વર્તનો માતાપિતા માટે પણ આગવી સમસ્યાઓ ઉપસ્થિત કરે છે. બાળનિવોશાનમાં આવા સમસ્યારૂપ વર્તનો કેવાં કારણોને લીધે સર્જાય છે એ અંગેનો અભ્યાસ થાય છે અને સાથે સાથે આવી સમસ્યાઓ કેવી રીતે દૂર થાય એનો પણ અભ્યાસ થાય છે. આવી માહિતી માત્ર માતાપિતા માટે જ નહિ, પણ શિક્ષકો તેમજ જે કોઈને બાળકો સાથે સંપર્કમાં આવવાનું થાય છે એ બધાંય માટે ઉપયોગી હોય છે.

4. મનોચિકિત્સા અને ચિકિત્સાત્મક મનોવિજ્ઞાન :

મનોચિકિત્સા અને ચિકિત્સાત્મક મનોવિજ્ઞાનનો સંબંધ વર્તનની વિકૃતિઓનો અભ્યાસ કરવા સાથે છે. વર્તનની વિકૃતિઓનાં શારીરિક કારણો ઉપરાંત મનોવૈજ્ઞાનિક કારણો પણ હોય છે. મોટા ભાગની વર્તનની વિકૃતિઓનાં મનોવૈજ્ઞાનિક કારણો બાલ્યાવસ્થા દરમિયાન ઉપસ્થિત થતાં હોય છે. આમ, બાલ્યાવસ્થામાં ઉપસ્થિત થતાં કેવાં કારણોને લીધે વર્તનની વિકૃતિઓ

સર્જાય છે એનો અભ્યાસ બાળમનોવિજ્ઞાનમાં થાય છે. બાળમનોવિજ્ઞાન મનોચિકિત્સા અને ચિકિત્સાત્મક મનોવિજ્ઞાનને આવાં કારણો અંગેની માહિતી આપે છે.

5. તબીબી વિજ્ઞાન :

તબીબી વિજ્ઞાનની એક શાખને શિશુરોગવિજ્ઞાન કહેવામાં આવે છે. જે તબીબો શિશુઓના રોગોનો ઉપચાર કરે છે તેમને આમ તો બાળકની શારીરિક તપાસને પરિણામે જે તે રોગ અંગેની માહિતી મળે છે, પણ જ્યારે બાળકમાં કોઈ રોગ ઉત્પન્ન થાય છે ત્યારે તેની અસર તેના વર્તન પર થતી હોય છે, જ્યારે બાળક પોતાની વય મુજબનું સામાન્ય વર્તન અભિવ્યક્ત ન કરે ત્યારે તેના દ્વારા એ બાળક કોઈ શારીરિક મુશ્કેલીથી પીડાતું હશે તેવું અનુમાન થઈ શકે છે. આમ, તબીબોને જુદી જુદી વયે બાળકનું સામાન્ય વર્તન કેવું હોય છે તે અંગેની માહિતી મળે છે. આ રીતે તબીબી વિજ્ઞાન માટે પણ બાળમનોવિજ્ઞાનના અભ્યાસનું મહત્ત્વ રહેલું છે.

6. વ્યક્તિગત ભિન્નતાઓ :

જે રીતે બાળકના શારીરિક દેખાવમાં ભિન્નતા હોય છે, બરાબર તે જ રીતે બાળકોમાં જુદી જુદી માનસિક શક્તિઓની દૃષ્ટિએ પણ ભિન્નતાઓ હોય છે. આ કારણોને લીધે બધાં જ બાળકોમાં બુદ્ધિશક્તિ જેવી સામાન્ય શક્તિ ઉપરાંત ગણિતની શક્તિ, શાબ્દિક શક્તિ, સંગીતની શક્તિ, ચિત્રકળાની શક્તિ વગેરે જેવી વિશિષ્ટ શક્તિઓ સમાન હોતી નથી. બાળકમાં કુદરતી રીતે જે પ્રકારની વિશિષ્ટ શક્તિ વધુ હોય તેને એ શક્તિનો વિકાસ વધુ થાય તેવી સગવડો કુટુંબ તેમજ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા આપવાની સગવડ ઉપસ્થિત કરવામાં આવે તો બાળકમાં એ અંગેનો વિકાસ વધુ થવાની શક્યતાઓ રહેતી હોય છે. આમ બાળમનોવિજ્ઞાન દ્વારા બાળકોની આવી વ્યક્તિગત ભિન્નતાઓ વિશેની માહિતી
કુટુંબ તેમજ શૈક્ષણિક સંસ્થાઓ માટે ઉપયોગી હોય છે.

7. શિક્ષણ અને બાળવિકાસના કાર્યક્રમોનું આયોજન :

ભારત સરકાર દ્વારા તેની પંચવર્ષીય યોજનામાં બાળકોના શારીરિક અને મનોવૈજ્ઞાનિક વિકાસ માટેનું ખાસ ફંડ ફાળવવામાં આવે છે. આવા ફંડનો એક આશય ગર્ભાધાનથી બાળકનો યોગ્ય રીતે વિકાસ થાય તે માટે ગર્ભવતી માતાઓને તેમજ જન્મ પછી બાળકોના યોગ્ય શારીરિક અને માનસિક વિકાસ માટે કેવી તબીબી તેમજ અન્ય પ્રકારની સગવડો પૂરી પાડવાની હોય છે. આવું કાર્ય સંયુક્ત રાષ્ટ્ર સંઘ(યુનો)ની યુનિસેફ નામની સંસ્થા પણ વિશ્વનાં રાષ્ટ્રોમાં કરે છે. આ માટે પ્રસૂતિકેન્દ્રો, સ્વાસ્થ્યકેન્દ્રો, બાળકલ્યાણકેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ વગેરેની સ્થાપના કરવાનો માર્ગ અપનાવાય છે. યુનિસેફ આવી સંસ્થાઓની સ્થાપના કરવા માટે વિશ્વનાં રાષ્ટ્રોને સલાહ-સૂચન તેમજ આર્થિક સહાય પૂર્વી પાડવાનું કાર્ય કરે છે. આવી સંસ્થાઓની સ્થાપના કરવા માટે બાળમનોવિજ્ઞાન દ્વારા પ્રાપ્ત થયેલી માહિતીને આધારે જુદી જુદી વયનાં બાળકોની મનોવૈજ્ઞાનિક જરૂરિયાતો ધ્યાનમાં રાખવામાં આવે છે. આમ, બાળવિકાસના કાર્યક્રમોનું આયોજન નિશ્ચિત કરવાના સંદર્ભમાં બાળમનોવિજ્ઞાન દ્વારા ઉપલબ્ધ થતી માહિતીનું મહત્ત્વ સમજી શકાય તેમ છે.

## ઉપસંહાર

આમ, બાળમનોવિજ્ઞાનના અભ્યાસનું મહત્ત્વ અનેક ક્ષેત્રોમાં રહેલું છે. એક રીતે આપણે એમ પણ કહી શકીએ કે બાળમનોવિજ્ઞાનના અભ્યાસનું મહત્ત્વ સમગ્ર માનવસમાજના કલ્યાણના સંદર્ભમાં રહેલું છે.